# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત.

**Phone No : (0261)2662903, Email:-*suratdeo@gmail.com***

જા.નં./મા-૭/ફાયરસેફટી-NOC/૨૦૨૨/ 2896-97 તા. ૨૨/૦૨/૨૦૨૨.

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક (સરકારી, ગ્રાન્ટેડ, અને નોન-ગ્રાન્ટેડ) શાળાઓ તમામ,
જિ-સુરત.

વિષય:- જિલ્લામાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર એન.ઓ.સી મેળવી લેવા બાબત.

સંદર્ભ:- ઈ/ચા ચીફ ફાયર ઓફિસર સુરત મહાનગરપાલિકાનાં તા-૧૮/૦૨/૨૦૨૨ના પત્ર ક્રમાંક: નં.એફ.ઈ.એસ/આઉટવર્ડ/૨૬૦૬.

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, નામદાર હાઈકોર્ટમાં દાખલ થયેલ પીઆઈનં.૧૧૮/૨૦૨૦ અન્વયે તા.૧૫/૦૨/૨૦૨૨ ઓરલ ઓર્ડર મુજબ ૦૯ મીટરથી વધારે ઊંચાઈ ધરાવતાં અને ૫૦૦ ચો.મી થી વધુ એરિયા ધરાવતી તમામ શાળાઓમાં ફાયર એન.ઓ.સી મેળવવાની ફરજિયાત કરેલ છે. આમ, સુરત જિલ્લામાં આવેલી સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તમામ શાળાઓમાં જે શાળાઓએ ફાયર સેફ્ટીનું NOC મેળવેલ નથી, તેવી શાળાઓના પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રીઓએ જે તે શાળાઓને લાગુ પડતાં ફાયર સેફ્ટી NOC ઈસ્યુ કરનાર સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી ફાયર સેફ્ટીનું NOC મેળવવાની કાર્યવાહી કરવા માટે આથી જણાવવામાં આવે છે. વધુમાં જે શાળાએ ફાયર એન.ઓ.સી મેળવવા પાત્ર છે અને તેઓ ફાયર એન.ઓ.સી નથી તેઓને નામદાર ગુજરાત હાઈકોર્ટનાં આદેશ મુજબ શાળાનો વપરાશ કરવો નહિ અન્યથા ફાયર સેફ્ટીની સુવિધાનાં અભાવે જો કોઈ શાળામાં અઘટિત પરિસ્થિતિ ઉદ્દ્ભવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંચાલક મંડળ/આચાર્યશ્રીની રહેશે. જેની અચૂક નોંધ લેવી.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત.

<u>નકલ સવિનય રવાના:-</u>

- ઈ/ચા ચીફ ફાયર ઓફિસર, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસસ, સુરત મહાનગરપાલિકા સેવા સદન, મુગલીસરા, જિ-સુરત(૩૯૫૦03).